# ખેતી નિયામકશ્રીની કચેરી

# કૃષિભવન, ગાંધીનગર.

# સજીવ ખેતી સેલ્

## પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આપુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

## પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો

ગુજરાતે પડકારોને હંમેશા અવસરમાં પરિવર્તિત કર્યા છે. માનવ આરોગ્ય તથા વૈશ્વિક પર્યાવરણના હિતમાં ગુજરાતના ભુમિ પુત્રો ને ઓર્ગેનિક ખેતીમાં સક્રિય કરવાના ઉમદા હેતુથી રાજ્ય સરકારે દ્વારા એપ્રીલ-૨૦૧૫ માં "ગુજરાત સેન્દ્રિય ખેતી નિતિ-૨૦૧૫" એક આગવી નિતિ ઘડી છે. રાજ્ય સરકારશ્રી દ્વારા સેન્દ્રિય ખેતી નિતિ હેઠળ,

- વૈજ્ઞાનિક પધ્ધતીથી ભરોસાબંધ સેન્દ્રીય ઉત્પાદન થાય
- યોગ્ય બજાર વ્યવસ્થા ઉભી કરી ખેડૂતોની આવક વધે
- ગ્રાહકોને ખાત્રીબંધ સેન્દ્રીય ઉત્પાદનો મળી રહે તેવી વ્યવસ્થા ઉભી થાય

**સજીવ ખેતી સેલમાં ત્રણ યોજનાઓ અમલમાં છે જેની વિગત નીચે મુજબ છે:**

૧. રાજ્યના ખેડૂતોને સેંદ્રિય ખેતીના પ્રોત્સાહન માટે સહાય પુરી પાડવા અંગેની યોજના

**૨. ડાંગ જીલ્લાને ૧૦૦% સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવા બાબતની યોજના**

**૩. ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી**

**યોજનાનો લાભ કોણ લઈ શકે?**

- આ યોજના હેઠળ રાજ્યના તમામ ખેડૂત ભાઇઓ અને મહિલા ખેડૂતો લાભ લઇ શકે છે.

**યોજનામાં મળતા લાભો**

ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટીફિકેશન એજન્સી (ગોપકા) દ્વારા રજીસ્ટ્રેશન/ સર્ટીફિકેશન કરાવનાર ખેડૂતને રજીસ્ટ્રેશન/સર્ટીફિકેશન ફી ના ખર્ચમાં સહાય, અપેડા માન્ય કોઇપણ સંસ્થા દ્વારા સ્કોપ સર્ટીફિકેટ મેળવેલ હોય તેવા ખેડૂતને ઇનપુટ સહાય, વર્મી કંપોસ્ટયુનિટ ઉભુ કરવા માટે સહાય, સજીવ ખેતી અંગે તાલીમ, ફિલ્ડ નિદર્શન, સેંદ્રીય ખેત ઉત્પાદનોના રેસીડ્યુ ટેસ્ટીંગ માટે સહાય, સેંદ્રીય ખેતી કરતા ખેડૂતો માટે વિશિષ્ટ પુરસ્કારની જોગવાઇ કરેલ છે.

**યોજનાનો લાભ કેવી રીતે મેળવી શકાય ?**

જે તે જિલ્લા કક્ષાના ખેતીવાડી અધિકારી મારફત આઇ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરીને આ યોજ્નાનું લાભ મેળવી શકાય છે.

**કાર્યો અને ફરજો :**

- રાજય સરકાર દ્વારા ચાલતી પ્લાન યોજનાછે.
- નાયબ ખેતી નિયામક (ઓર્ગેનિક સેલ) આ યોજનાની રાજય કક્ષાની તાંત્રિક કામગીરી સંભાળે છે.
- યોજના અંતર્ગત પ્રી-બજેટ નિયત કરી સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવે છે. મંજુર થયેલ જોગવાઇ મુજબ યોજ્નાકીય કામગીરી માટે ઠરાવ થાય છે.
- સરકારશ્રી દ્વારા માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવે છે અને માર્ગદર્શક સુચનાઓ મુજબ વિવિધ કામગીરીનું આયોજન કરી જિલ્લા/તાલુકા/ગ્રામ્ય તંત્ર દ્વારા અમલીકરણ કરવામાં આવે છે.
- યોજના અંતર્ગત થયેલ ભૌતિક તથા નાણાકીય પ્રગતિનું મોનિટરીંગ કરવામાં આવે છે.

## પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | અધિક ખેતી નિયામક (જ.સ) | | | | યોજના અમલીકરણ |
| ૨ | સંયુક્ત બાગાયત નિયામક (ઓર્ગેનિક સેલ્) | | | | |
| ૩. | નાયબ ખેતી નિયામક (ઓ.સે) | | | | |
| ૪. | મદદનીશ ખેતી નિયામક (ઓ.સે.) | | | | |
| ૫. | ખેતી અધિકારી (ઓ.સે.) | | | | |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્ર

## પ્રકરણ-૫

**નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત**

-----------નથી----------

## પ્રકરણ-૬

**જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓઅંગેનુ પત્રક-**

-------નથી-----

## પ્રકરણ-૭

**યોજનાના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક-**

સરકારશ્રીના ઠરાવની નકલ સામેલ છે.

## પ્રકરણ-૮

# જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રીમતી વાય.એન.દિવાન
  નાયબ ખેતી નિયામક (ઓ.સે.)-વ-જાહેર માહિતી અધિકારી
  સજીવ ખેતી સેલ, પોડિયમ લેવલ
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૭૪૭૮

# પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

⇧

અધિક ખેતી નિયામક

⇧

સંયુક્ત બાગાયત નિયામક

⇧

નાયબ ખેતી નિયામક

⇧

મદદનીશ ખેતી નિયામક

⇧

ખેતી અધિકારી

⇧

સીનીયર હેડ/કલાર્ક

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી એન.કે.કાથડ | અધિક ખેતી નિયામક (જ.સ.) |
| ૨. | શ્રી સી.એમ.પટેલ | સંયુક્ત બાગાયત નિયામક |
| ૩. | શ્રીમતી વાય.એન.દિવાન | નાયબ ખેતી નિયામક |
| ૪ | શ્રી ડી.આર. પટેલ | મદદનીશ ખેતી નિયામક |
| ૫. | શ્રી ડબ્લ્યુ.એ.શેખ | ખેતી અધિકારી |

## પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનો હોદો | પગાર |
|---|---|---|
| ૧ | સંયુક્ત બાગાયત નિયામક (ઓ.સે.) | ૭૮૮૦૦(લેવલ૧૨) |
| ૨. | ના.ખે.નિ (ઓ.સે) | ૬૭૭૦૦(લેવલ ૧૧ ) |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (ઓ.સે.) | ૫૩૧૦૦(લેવલ ૯) |
| ૪. | ખેતી અધિકારી | ૪૬૨૦૦(લેવલ ૭ ) |

# પ્રકરણ-૧૨

## શાખાને ફાળવેલ અંદાજપત્ર

| યોજનાઓનું નામ | બજેટ જોગવાઇ(૨૦૧૯-૨૦) | મંજુર થયેલ પ્લાન |
|---|---|---|
| સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના | ૫૦૦.૦૦ લાખ | ૫૦૦.૦૦ લાખ |
| ડાંગ જિલ્લાને ૧૦૦% સેન્દ્રિય ખેતી હેઠળ આવરી લેવાની યોજના | ૧૫૦૦.૦૦ લાખ | ૧૫૦૦.૦૦ લાખ |
| ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી | ૫૦.૦૦ લાખ | ૫૦.૦૦ લાખ |

## પ્રકરણ-૧૩

## ખેતી ખાતાના સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

સરકારશ્રીમાં બજેટ જોગવાઇ બુક કરાવવી તેમજ વહીવટી મંજુરી મેળવવી

⇩

વહીવટી મંજુરી મુજબ ક્ષેત્રીય કક્ષાએ ભૌતિક તેમજ નાણાકીય લંક્ષાયકની ફાળવણી કરવી

⇩

ક્ષેત્રીય કક્ષાએ માસિક સિધ્ધીની સિમક્ષા કરવી તેમજ માસિક પ્રગિતની વિગતો સરકારશ્રીમાં રજુ કરવી

⇩

નાણાકીય વર્ષ આખર થયેલ ખર્ચ મુજબ ખર્ચ વપરાશ પ્રમાણપત્ર સરકારશ્રીમાં રજુ કરવા

## પ્રકરણ-૧૪

## આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

-----------નથી----------

## પ્રકરણ-૧૬ વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

**યોજનાની માહીતી ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે તેમજ યોજનાકીય લાભ મેળવવા માટ www.ikhedut.gujarat.gov.in પર માહિતી ઉપલબ્ધ છે.**

## પ્રકરણ-૧૭

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્ક્લોઝર